





સમય-સંજોગ જોઇ વાયદા બદલી નાખે છે,
અને પવન પ્રમાણે ફાયદા બદલી નાખ છે,
અલાયદા રાખે છે ચોકા નેતાઓ લોકશાહીમાં -
વ્યક્તિગત માન્યતામાં કાયદા બદલી નાખે છે!
(સમલૈંગિક - હવે કાયદો બદલાવશે)

કાગારોળમાં,
'લોકપાલ'ની ચીખ
સાંભળે કોણ?!

જાડી ચામડી,
અન્ના ના અપવાસ
પાડા ની પીઠે..




## ચિંતન

***શ્રુત્વા ધર્મ વિજાનાતિ શ્રુત્વા ત્યજતિ દુર્મતિમ્ ।***
***શ્રુત્વા જ્ઞાન મવાપ્નોતિ શ્રુત્વા મોક્ષં ચ વિન્દતિ ॥***

'સંત જનો સાથેનો સત્સંગ-સાંભળવા માત્રથી જ માણસને પોતાના યથાર્થ કર્તવ્યોનું ભાન થાય છે અર્થાત સમજ પડે છે, સત્સંગ શ્રવણ દ્વારા જ ધર્મ જ્ઞાન અને વિવેકની સમજ મળતાં માનવીની કુબુદ્ધિનો નાશ થાય છે ત્યાગ કરે છે. ધર્મજ્ઞાન થાય છે અને તેના પરિણામે મોક્ષની પ્રાપ્તિ થાય છે.'

આ શ્લોકમાં સત્સંગનું મહત્ત્વ છે કોઇ પણ ધર્મમાં સાધુજન, ગાદીપતિ, મૌલવી, ફાધર ધર્મનું ઊંડાણપૂર્વકનું જ્ઞાન ધરાવતા હોય અને પૂજનીય વ્યાસપીઠ પર બેસી જયારે બોધ આપતા હોય ત્યારે સામાન્ય માણસના હૃદય ચક્ષુ ખૂલી જાય છે - સંસારના કર્તવ્યો-અકર્તવ્યોનું ભાન થાય છે સાચા-ખોટાંના વિવેકની બુદ્ધિ પ્રાપ્ત થાય છે.

ધર્મશાસ્ત્રનું માત્ર વાચન કરવાથી જ સમજ પડતી નથી પણ એમાં લખેલાં રહસ્યો તો જ્ઞાની સંતપુરૂષ સમજાવે ત્યારે જ ખબર પડે છે, એટલે ધર્મશાસ્ત્રોનું શ્રવણ કરવાથી જ સાચો અર્થ બોધ થાય છે.

સાચો ધર્મ-સંપ્રદાય-પંથ કે કટ્ટરતામાં નથી પણ સદાચાર અને સત્યમાં છે, દાન-પુણ્ય અને દયામાં છે, પ્રાણી માત્ર પ્રત્યે પ્રેમ અને સેવા એ જ ધર્મ છે આવી સમજ સત્સંગ-શ્રવણથી મળે અને તેને કારણે જ મોક્ષની પ્રાપ્તિ થાય છે.

## સુવિચાર

- ન્યાયાધીશની જેમ આપણને દંડ આપતા પહેલા અંતઃકરણ આપણને મિત્રની સાવધાન કરે છે — ***- ફાધર વાલેસ***
- મહાન કલાકારો પુરા વિશ્વનાં નાગરિક છે — ***- એસ. ભટ્ટાચાર્ય***
- માનવીનું ચરિત્ર એ શું બોલે છે તેના પર નહીં પણ નિષ્ફળતા મળ્યા પછીના એના પ્રયત્નોમાં સમાયેલું છે — ***- ડો. વિક્રમ સારાભાઇ***
- સંગ્રહનો અંત છે નાશ, ઊંચે ચડવાનો અંત છે નીચે પડવાનું, સંયોગનો અંત છે વિયોગ, અને જન્મનો અંત છે મરણ — ***- મુનિ ભાનુચંદ્રજી***
- જ્ઞાન વજન આપે છે, અને ઉપલબ્ધિઓ ચમક આપે છે, પરંતુ મોટા ભાગના લોકો વ્યક્તિનું વજન કરવા આંખોનો ઉપયોગ કરે છે — ***- સ્વામી શ્રદ્ધાનંદ***
- કોનું સગું, કોનું ઘર ને કોના મા ને બાપ, અંત કાળે જાવું એકલું ને સાથે પુણ્ય ને પાપ — ***- દોહો***
- 'સહજ' એટલે અનાયાસ. બાળકને ભૂખ લાગે તે પહેલા જનનીની છાતીમાં દૂધ ઉભરાતું કરી મૂક્યું... એમ જે અનાયાસ સહજ રીતે સામે ચાલીને આવી પડે તે જ સોના જેવું અણમોલ જાણવું — ***- કલ્પસૂત્ર***

***(સંકલન : દીપક વી.આસરા)***

## બોધ કથા

મુમુક્ષુ ઝેન ગુરૂ પાસે ગયો અને પોતાની દ્વિધા રજૂ કરી - કહ્યું ગુરૂજી! કોઇ કહે છે - 'ન બોલવામાં નવ ગુણ' - તો કોઇ કહે છે - બોલે તેનાં બોર વેંચાય, - કોઇ હિંમતપૂર્વક - નિખાલસ રીતે પોતાને જે સત્ય લાગતું હોય તે કહી જ દેવું તો કોઇ 'મૌન'નું મહત્ત્વ સમજાવે છે.. આમાંથી સાચું શું? મને સમજ પડે એમ દૃષ્ટાંત આપી સમજાવો ને!

ઝેન ગુરૂ કહે જો ભાઇ તળાવમાં દેડકાં આખો દિવસ ડ્રાઉં ડ્રાંઉ કરે છે, માખીઓ ગંદા પદાર્થો પર બણબણાટ કરે છે, મચ્છર આખી આખી રાત ગણગણાટ કરે છે. તમરાં તો સતત બોલે છે તમે આ બધાંની ક્યારેય નોંધ લઇ એ શું કહે છે એના વિશે વિચાર કરો છો? - પણ તમે પથારીમાં પડ્યા હો અને દરરોજ એક જ સમયે કૂકડો સવારે બોલે ત્યારે તમને જરૂર ખ્યાલ આવી જાય છે કે 'સવારના સાડા પાંચ થયા' ખોટા અવાજ કરવા અને બોલવું એમાં આટલો તફાવત છે. બોલબોલ કરનારાના શબ્દોની કિંમત રહેતી નથી. એકાદવાર બોલનારાના શબ્દનું વજન પડે છે... જરૂર પુરતું - યોગ્ય સમયે - બોલનારની જ કિંમત થાય - અસર પડે.

Email - sureshchandrabhatt18@gmail.com

# દેખાય એવું તો સૌ લાવે, અમે જે લાવ્યા છીએ તે તમે જોઇ નહીં શકો, કારણ કે એ તો પેલા સંસ્કૃત સુભાષિતમાં કહેવાયું છે ને કે ચોર જેને ચોરી ન શકે, રાજા લઇ ન શકે ભાઇઓ તેમાં ભાગ પડાવી ન શકે, જેનો ભાર પણ ન લાગે તેવું અમે લઇ આવ્યા છીએ

પોર્ટબ્લેરનું 'અબર્ડીન' બજાર ખુબ જાણીતું છે અહીં આધુનિકતાનો સ્પર્શ જોઇ શકાય છે. મોટાં શહેરો જેવી ચમકદમક વાળી દુકાનો, રેસ્ટોરેન્ટ તેમજ પ્રવાસીઓને આકર્ષી શકે તેવી કલાત્મક વસ્તુઓની દુકાનોની ચમક અમે સૌ આવતાં જતાં જોતાં હતા. ત્યારે જ પ્રવાસમાં સાથે રહેલ મહિલાઓ અને બાળકોને તો શોપિંગ માટે અમારી બસ કે મોટરમાંથી ઉતરી જતાં માંડ માંડ ઉપેન્દ્રભાઇ રહેતા હતા અને તેમને વાયદો કરેલો કે આપણે સૌ પરત જતાં પહેલાં શોપિંગ માટે જઇશું.

આજે એ દિવસ આવી ગયો હતો. હવે તેમનાથી ઇન્કાર થઇ શકે તેમ ન હતું. હોટલ પરથી જુદા જુદા ગ્રુપમાં સૌને વાહન દ્વારા બજારમાં ઉતારી દેવામાં આવ્યાં હતા. તે જ રીતે જેને જે રીતે ફાવ્યું તે રીતે સૌએ પોતપોતાનું નાનું ગ્રૂપ બનાવી દીધું હતું અને બજારમાં ખરીદી કરવા નીકળી પડ્યાં હતા.

અમે બે ત્રણ મિત્રો પણ ટહેલતાં હતા. ત્યાં મારી નજર બુક સ્ટોલ પર પડી. અમે એ તરફ ચાલ્યા. બુક સ્ટોલ પર આજના હિન્દી અને અંગ્રેજી અખબારો હતા. તેમજ જાણીતાં સામાયિકો હતા. મને આંદામાનમાં વસતા સાહિત્યકારોમાં તેમના દ્વારા રચાતા સાહિત્યમાં અને આંદામાનની સાહિત્યિક પ્રવૃત્તિઓ જાણવામાં રસ હતો. મેં તે બાબતે બુક સ્ટોલના માલિકને પૂછપરછ કરી પણ તે કંઇ વધુ માહિતી આપી શક્યો નહિ. તેણે આંદામાન વિષેની હિન્દી, અંગ્રેજીમાં પ્રકાશિત બે ત્રણ પુસ્તિકાઓ મને પકડાવી દીધી. તેમાં આંદામાનના જોવાલાયક સ્થળો, તેનો ઇતિહાસ વનવાસીઓ વિષે માહિતી હતી. ફોટોગ્રાફ પણ હતા. પણ ત્યાંના સાહિત્ય વિશે કંઇક જાણવાની મારી તાલાવેલી જોઇ તેણે મને અહીંની સ્ટેટ લાઇબ્રેરીનું સરનામું આપ્યું અને તે નજીકમાં જ છે તેમ જણાવ્યું તેથી અમે એ તરફ ચાલ્યા. સહેજ રસ્તાના વળાંકે આગળ વધ્યા ત્યાં એક વિશાળ ઇમારત દેખાઇ. ઊંચે ટેકરા પર બનેલી આ વિશાળ ઇમારતની આગળ સુંદર બગીચો હતો. ઢોળાવ પર ચડીને અમે પુસ્તકાલયમાં પ્રવેશ કર્યો. સુંદર, સ્વચ્છ અને એકદમ નયનરમ્ય આ સ્થળને જોઇને અમે તો અભિભૂત થઇ ગયા. ત્રણ માળની આ ઇમારત હતી. તેમાં જુદા જુદા વિભાગો હતા. નીચેના ભાગે વહીવટી કચેરી હતી. ત્યાં પૂછપરછ કરતાં જાણવા મળ્યું કે આંદામાનના સાહિત્યનું આ કેન્દ્ર છે. સાહિત્યનાં ઘણા કાર્યક્રમો અહીં અવારનવાર ગોઠવાતાં હોય છે.




અમારે ઉપરના માળે જવું હતું તેથી લીફ્ટ કે દાદર શોધતા હતા ત્યાં એક ભાઇએ બતાવ્યું કે અહીં લીફ્ટ કે દાદર નથી. આ ઢાળવાળો માર્ગ બનાવ્યો છે. તેનાથી ઉપર જવાશે. સહજ રીતે ચાલીને જઇ શકાય તેવો ઢાળ જોઇને અમને નવાઇ લાગી. વાતો કરતાં કરતાં ક્યારે પ્રથમ માળે આવી ગયા તેની ખબર જ ન પડી. અહીં પુસ્તક આપ-લેનો વિભાગ અને બેસવાની સુંદર વ્યવસ્થા પણ હતી. ગ્રંથપાલ અમોલ પાંડે સાથે વાતચીત થતાં તે ખુબ જ મળતાવડા અને લાગણીશીલ લાગ્યા. તેણે અહીંનાં સાહિત્ય અને સાહિત્યકારોનો પરિચય કરાવવાની સારી કોશિષ કરી. તેની સૌજન્યશીલતા મને સ્પર્શી ગઇ.

આંદામાન-નિકોબાર ટાપુઓ પર સહિન્દી ભાષા પ્રાંતોને ઠંકીને હિન્દી અહીં ખુબ જ સારી રીતે વિકસી છે. જુદા જુદા ભાષા બોલનારાઓ વચ્ચે એક સંપર્ક ભાષા તરીકે તેણે પોતાનું આગવું સ્થાન ઊભું કર્યુ છે. તેની પાછળ મને એમ લાગે છે કે બ્રિટીશ સરકાર દ્વારા સ્વાતંત્ર્ય સંગ્રામના કેદીઓને અને અપરાધીઓને સજા માટે લાવવામિં આવ્યાં તેમાં ઉત્તર ભારતના લોકોની સાથે હિન્દી અહીં આવી હોય તેવું લાગે છે. જો કે અહીંના સાહિત્યનો વિકાસ તો આઝાદી પછી જ થયો હોય તેવું લાગે કારણ કે તે પહેલાંના સાહિત્ય લેખકના કોઇ પુરાવાઓ મળતા નથી. જો કે કદાચ લખાયું પણ હશે પરંતુ તેનો પ્રચાર પ્રસાર થઇ શક્યો નહીં હોય. સ્વતંત્રતા પછી અહીં સરકારી કર્મચારી રૂપે કે આજીવિકા મેળવવા આવેલા લોકોએ અહીંની સાહિત્ય સર્જનને એક વ્યાપક અને અનોખી ઓળખ આપી એમ કહી શકાય, અને ૧૯૭૬-૭૭માં પ્રગટ થયેલ 'દેશ ગીતાંજલિ' પુસ્તકમાં અહીં વસતાં ગીતાકારોના ગીતોનું સંકલન જોવા મળે છે. જેમાં હિન્દી કવિઓ સુરેશ નંદન પ્રસાદસિંહ, કેસરદાર, ડો. ઓ.પી. મલ્હોત્રા, શ્રીકાન્ત ઉપાધ્યાય, નરેન્દ્ર નાગર 'પાગલ' અને શારદારામના ગીતોમાં આંદામાનના નૈસર્ગિક સૌંદર્યની ઝાંખી મળે છે અને તે સાથે બલિદાનોની આ ભૂમિની પાવનતાનો ઉલ્લેખ છે. તે ઉપરાંત સને ૧૯૬૦માં પ્રકાશિત દેવતા પ્રસાદ ત્રિપાઠીના સુંદર શીશુ કાવ્યો પણ મળે છે. જેમાં બે આત્માઓનું મધુર મિલનથી પ્રાપ્ત અતિશય કોમળ, સૌંદર્ય સુષ્માના સાગર રૂપ શીશુ માત્ર માતાપિતા માટે જ નહીં પણ સમગ્ર જગત માટે આનંદ ઉજ્જવળ તરંગ સમાન છે તેવા ભાવો મળે છે, સને ૧૯૭૯માં પ્રગટ થયેલ 'કૃતિ' પુસ્તકમાં બાવીસ જેટલા હિન્દી અને અહિન્દી ભાષી કવિઓની રચનાઓ મળે છે. તેમાં તેના સંપાદક મદન મોહન સિંહા 'મનુજે' રચનાઓની પસંદગીથી લઇને તેની રજૂઆતને ખુબ જ ગંભીરતા અને સૌંદર્યભિરૂચિને ધ્યાને લઇ સંપાદિત કરતાં આ એક વિશિષ્ટ કહી શકાય તેવું સંપાદન બન્યુ છે. તે ઉપરાંત હિન્દી સાહિત્યના હિન્દી કવિઓમાં પાંચ કવિઓની રચનાઓ મળે છે. જયારે આનંદ વલ્લભ શર્મા 'સરોજ'નો સંગ્રહ 'દ્વીપ દર્પણ' ૧૯૯૦માં પ્રગટ થયો છે તેમાં આંદામાનની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ પર આધારિત પ્રથમ કથા કાવ્ય છે. તે ઉપરાંત ટાપુઓના ઇતિહાસ, ભૂગોળ, સમાજ-સંસ્કૃતિ અંગેના ઘણાં પુસ્તકો પણ હિન્દી અને અંગ્રેજીમાં જોવા મળ્યાં તો વળી લોકલ બોર્ન એસોસિયેશન દ્વારા પ્રગટ થયેલ અને મદન મોહનસિંહ દ્વારા સંપાદિત 'દ્વીપ આંદામાન કે'માં આપણને કાવ્યો ઉપરાંત નિબંધ, વાર્તાઓ, રેખાચિત્રો અને સંસ્મરણ લેખો પણ મળે છે. તેમાં મોટા ભાગે કવિતાઓ 'આંદામાન-નિકોબાર દ્વીપ સમુહમાં ઇતિહાસ અને ભૂગોળ તેમજ 'નૈસર્ગિક સૌંદર્ય પર લખાયેલ જોવા મળે છે.'

ડો. વ્યાસમણી ત્રિપાઠી અહીંના ખુબ જાણીતા લેખક, વિવેચક અને અધ્યાપક છે. તે પોર્ટ બ્લેરની કોલેજમાં અધ્યાપન કાર્ય કરે છે. ફેસબુક પર પણ છે. તેમને હિન્દી સાહિત્ય કલા પરિષદ પોર્ટબ્લેર દ્વારા 'આંદામાનની હિન્દી કવિતા," કાલાપાની સંઝા મુઝકો ખલતી હૈ' નામે પાંસઠ કવિતાઓનો સંગ્રહ તેમજ આંદામાનના અગિયાર વાર્તાકારોની વાર્તાઓનો સંગ્રહ 'આંદામાન કી હિન્દી કહાનીયાં'નું સંપાદન કર્યું છે જે સને ૨૦૦૭માં પ્રગટ થયું છે. બીજા લેખકોમાં ઇશ્વરી પ્રસાદ ગૌડનો વાર્તાસંગ્રહ 'કાલાપાની' સુરેન્દ્ર પાલનો વાર્તાસંગ્રહ 'હરા સમંદર ગોપીંચા ચન્દર' જોયો ડી. એમ. સાવિત્રીનો વાર્તા સંગ્રહ 'ખામોશી' ૨૦૦૧માં પ્રગટ થયો છે. આંદામાન-નિકોબાર ટાપુઓનાં સંદર્ભે આ વાર્તાઓમાં અહીંના જનજીવનની અભિવ્યક્તિ તેમાં જોવા મળે છે. ખાસ કરીને આદિવાસી અને માછીમાર સ્ત્રીઓનાં જીવનનાં સંઘર્ષની વાત તેમાં આલેખી છે. આંદામાન વિષે લઘુ નાટકો, રેડિયો નાટકો એકાંકીઓ પણ લખાયા છે. જે આકાશવાણી પોર્ટ બ્લેર દ્વારા પ્રકાશિત થતાં રહે છે. અહીંના રેડિયો નાટક ક્ષેત્રે અનીસ અહેમદનું મહત્ત્વપૂર્ણ યોગદાન છે. અહીંના નાટ્યકારોમાં સરજૂ લાલ, રામસ્વરૂપ બાલી, નવીનચંદ્ર 'નવીન', રાકેશ ચંદ્ર લાલ, 'વિશ્વેન્દ્ર' વિગેરેએ પોતાની અભિનય ક્ષમતા દર્શાવી ટાપુવાસીઓને રીઝવયા છે એટલું જ નહીં પણ આવનાર પેઢીઓને માટે નવો રાહ ચીંધ્યો છે.

અહીંના રાજભાષા વિભાગ દ્વારા ૧૯૭૯માં 'દ્વીપપ્રભા' નામે સાહિત્ય-સાંસ્કૃતિક પત્રિકા શરૂ થયેલ પણ આ ત્રિમાસિક ટૂંક સમયમાં જ અટકી પડ્યું. અહીં હિન્દીમાં પહેલું અખબાર 'દ્વીપ સમાચાર' ૧૫ ઓગસ્ટ ૧૯૭૯થી પ્રગટ થાય છે. તે ઉપરાંત હિન્દી સાહિત્ય કલા પરિષદ પોર્ટ બ્લેરનું 'દ્વીપ વાણી' શરૂ થયેલું તે હવે 'દ્વીપ લહેરી' ત્રિમાસિક રૂપે પ્રગટ થાય છે. તે ઉપરાંત અહીં 'દ્વીપકથા', 'દ્વીપ મંથન', 'આંદામાનકી લહર', 'સાગર', 'આંદામાન કી આવાજ', 'સાહિલ કી ઔર' જેવા સામાયિકો અને અખબારોના અંકો પણ જોવા મળ્યા.

પુસ્તકાલયના ત્રીજા માળે સંદર્ભ વિભાગ તેમાં મોટા ભાગે અંગ્રેજીમાં ખુબ માતબર કહી શકાય તેવાં પુસ્તકો અને સંદર્ભ ગ્રંથો તેમજ તસ્વીરો હતી પરંતુ પાછા ફરવા માટે સંદેશો આવતાં પુસ્તકાલયના એ ઢાળ પર સરકતા હોઇએ તેમ આસાનીથી ચાલતા ચાલતા ભોંય તળીયે આવી ગયા.

અમારી સાથેનું નારી વૃંદ શોપિંગ કરીને પરત આવી ગયું હતું. તેમનાં બંને હાથમાં થેલીઓ હતી. અમને ખાલી હાથે જોઇને મીનાએ પૂછ્યું. 'તમે ક્યાં ગયા હતા. કંઇ ખરીદી કરી કે નહીં.'

***(અનુસંધાન પાના નં. ૬ પર)***

# શીલ વગરનું સૌંદર્ય અને સંયમ વગરનું યૌવન તદ્દન નકામાં છે

***સમાચાર સેતુ***

● ગાંધીનગર સાહિત્ય સભાની કારોબારી સમિતિની બેઠક તા. ૨૮-૧૧-૨૦૧૩ના રોજ સરકીટ હાઉસ, ગાંધીનગર ખાતે સંપન્ન થઇ. અધ્યક્ષ સ્થાનેથી દોલતભાઇ ભટ્ટ દ્વારા સર્વેનું હેતાવળા ઉમળકાથી સ્વાગત કરાયા બાદ, ચર્ચા - વિચારણાને અંતે નીચે મુજબના નિર્ણયો લેવાયા.

(૧) 'સાહિત્ય ભવન' માટે સરકારશ્રીમાં જમીનની માગણી કરવામાં આવી છે આ બાબતે પુનઃ રજૂઆત કરવી.

(૨) ગાંધીનગર સાહિત્ય સભાના ઉપક્રમે સાહિત્યિક પરિસંવાદો/વર્ગો યોજવા અને આ વર્ગો રવિવારે સાંજના ૪ થી ૫-૩૦ દરમિયાન યોજવા તથા દરેક શાળા-કૉલેજોના છાત્રોને કોલેજના પ્રિન્સિપાલ દ્વારા સાહિત્યમાં જોતરવા અને સાહિત્યિક વિષયો અંગેની સમજ આપવી અને સાહિત્યમાં વધુ રસ લેતા થાય તે અંગેના પ્રયત્નો કરવા.

(૩) સંસ્થાનું મુખપત્ર 'શબ્દ સુધા' માસિક પુનઃ ચાલુ કરવા બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવી અને જાન્યુઆરી - ૨૦૧૪થી આ મુખપત્ર ચાલુ કરવાનું નક્કી કરવામાં આવ્યું. જાન્યુઆરી - ૨૦૧૪ના આ અંકનો ખર્ચ શ્રીમતી લલિતાબેન કે. પટેલ તરફથી આપવાનું જાહેર કરાતા, તેઓનો આભાર માનવામાં આવ્યો.

(૪) સંસ્થાની સભ્ય સંખ્યા વધારવા બાબતે ઝુંબેશ શરૂ કરવાનું નક્કી કર્યું.

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

***સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'***

(૫) નવા થયેલ સભ્યો સર્વશ્રી (૧) અશ્વિન વાસુદેવ ત્રિવેદી સે.૮બી (૨) જયદીપસિંહ ગોહિલ, સે. ૨૨ (૩) મહેન્દ્રભાઇ, સે. ૨-સી, (૪) નિરંજના મહેન્દ્રભાઇ ઠાકર સે. ૨-સી (૫) ભદ્રેશ બી. દેસાઇ, સે.૫ એ અને (૬) શોભના ભદ્રેશ દેસાઇનો આભાર માનવામાં આવ્યો.

(૬) જાન્યુઆરી-૨૦૧૪માં કોઇક સ્થળનો સાહિત્યિક પ્રવાસ ગોઠવવાનું નક્કી કરવામાં આવ્યું.

***નિમંત્રણ***

● છેલ્લા ૧૪ વર્ષથી કાર્યરત એવી ગાંધીનગર સાહિત્ય સભા, સાહિત્યકારો અને ભાવકો વચ્ચે સેતુરૂપ છે. તેના દ્વારા સાહિત્યિક પરિસંવાદો - કવિ સંમેલનો - સાહિત્યીક પ્રવાસો - પુસ્તકમેળા - સાહિત્યીક સ્પર્ધાઓ જેવા કાર્યક્રમો અવારનવાર યોજાયા રહે છે. તેના ઉપક્રમે તા. ૧૫-૧૨-૨૦૧૩ ના રોજ સાંજના ૪.૦૦ વાગે બ્રહ્મ ભવન, સેક્ટર-૧૬ ખાતે સરદાર વલ્લભભાઇ પટેલને પુષ્પાંજલિ તેમજ 'કર્મવીરનાં કીર્તિગાન' - સંપાદક - દોલત ભટ્ટની પુસ્તિકાનું વિમોચન પૂર્વ મુખ્ય સચિવ - ગુજરાત રાજય પ્રવીણ ક. લહેરીના હસ્તે રાખવામાં આવેલ છે, જેમાં સાહિત્યકારો અને ભાવકોની ઉપસ્થિતિ અમારો ઉત્સાહ વધારશે. આપને હાર્દિક નિમંત્રણ છે.

***'દધિનાં દમકતાં મોતી'***

● જીવનમાં ઘણી એવી ચિરસ્મરણીય પળો આવે છે કે, તેને સમય પ્રમાણે હૃદય પટારે સાચવવાને બદલે, આ પળોના અસ્તિત્વને ભૂલવામાં જ નહીં; પરંતુ તેના સમગ્ર અસ્તિત્વને ભૂંસવામાં જ શ્રેય હોય છે.

● જીવનનું થયેલ આ કાર્ય - કે કોઇ કાર્ય, એ તો પાશેરામાં પહેલી પૂણી અને એ પહેલી પૂણીનો પ્રથમ તાર છે!

● સફળતાનાં પુષ્પોની સુગંધ માણવા, કંટક ભર્યા સંકટના રસ્તા પર ચાલવું પડે છે.

● સુખ મેળવવું ખુબ અખરી અને કઠિન વાત છે, કારણ કે કોઇને પણ સુખ આપ્યા વિના તે કદાપિ મળતું નથી.

● શીલ વગરનું સૌંદર્ય અને સંયમ વગરનું યૌવન તદ્દન નકામાં છે.

***કવિતા સેતુ***

***તેથી શું?***

અંબર આધાર ધરીત્રી હોય તેથી શું?
વાયુ સધિયારો પૃથ્વી હોય તેથી શું?
પ્રાણ નેહ શ્વાસોશ્વાસ હોય તેથી શું?
સૃષ્ટિ સંગાથ કુદરત હોય તેથી શું?
રામ લક્ષ્મનો અનુબંધ હોય તેથી શું?
રામ સીતાનો અભિરામ હોય તેથી શું?
રામ વિભિષણનો સંવાદ હોય તેથી શું?
રામ રાવણનો સંગ્રામ હોય તેથી શું?
બાળકૃષ્ણ યશોદાના લાડ હોય તેથી શું?
કૃષ્ણ બળદેવનો બંધુપ્રેમ હોય તેથી શું?
કૃષ્ણ રાધાનો અનુરાગ હોય તેથી શું?
કૃષ્ણ ગોપીનો પ્રેમાલંબ હોય તેથી શું?
માનવી સ્વભાવે તામસી હોય તેથી શું?
માનવી સ્વભાવે રાજસી હોય તેથી શું?
માનવ સ્વભાવે સાત્ત્વિક હોય તેથી શું?
માનવ ત્રિગુણાતીત ને મોક્ષ સુલભ હોય.

**- સુમંતભાઇ મ. શાહ**

***ભાગવાનું કાંઇ નથી...***

રાજકારણમાં હવે તો પાળવાનું કાંઇ નથી;
છે બળેલી આ પ્રજા તો બાળવાનું કાંઇ નથી.
સાવ ખોટા વાયદાથી કામ તેનું થઇ જતું;
છે અભણ, ભોળી પ્રજા તો ચારવાનું કાંઇ નથી.
વૃક્ષો છે આ શહિદજનોનાં ને લૂટાલૂટ એ કરે;
છે ખરેલા ફળ હવે તો પાડવાનું કાંઇ નથી.
જીભ છૂરી જેમ ચાલે આ પ્રજાને કાપતી;
આ લફગા લુચ્ચા જનોને ભાંડવાનું છૂટી જતા;
લઇ લીધા સૌ કાયદાઓ આંટવાનું કાંઇ નથી.
ઢોરની માફક ડબ્બામાં મત લઇ પુરી દીધા;
ચો તરફ છે હારમાળા ભાગવાનું કાંઇ નથી.

**- મહેન્દ્રભાઇ રાઠોડ.**

***ગઝલ***

શાયર બનીને કોણ આ, કાયર બની ગયું?
આંસુ વહાવી એકલું અંદર રડી ગયું!...
પંખીની આસપાસમાં બંધન હતા છતાં -
અવકાશ આંબવા સમી, વાતો કરી ગયું!...
ટહૂકાર મોરના હતા, નવરાં ઝૂમી જતી
પંખી ઉડી ઉડી પછી, પીછું બની ગયું!...
ધડકન હતી કબર મહીં એની ખબર પડી
ફૂલો ચરણમાં અર્પતા, પડખું ફરી ગયું!...
કાગળ અને કલમ હતી ગઝલો લખી 'નયન'
કંઠે ધરે એ કારણે, મોતી બની ગયું!...

- ભરત પાઠક 'નયન'

# પ્રત્યેક બાળકમાં કાંઇક તેજસ્વિતા રહેલી હોય છે, માતાપિતા તેના સંવર્ધક બની શકે તો જિંદગી વધુ સુંદર રીતે જીવી શકે : બેન્જામીન બ્લૂમ

## ચાલો, બાળકને વાંચીએ...

***- હર્ષદ પ્ર. શાહ***

આપણું 'બાળ વિશ્વવિદ્યાલય' બાળ વિશ્વનો તાગ લેવા મથી રહ્યું છે. ભગવાનનો સાક્ષાત્કાર જેમ દુર્લભ છે તેમ બાળદેવનો સાક્ષાત્કાર પણ અત્યંત કઠિન છે. આપણા માનસ પટનાં કેટલાંય આવરણો હટાવી ત્યારે બાળદેવના આભામંડળની કંઇક ઝાંખી થાય!

જગતના કેટલાક લોકોએ સાચા અર્થમાં બાળદેવની આરાધના કરી છે. એમાંનાં એક છે મેડમ મોન્ટેસોરી. એમને પ્રાર્થ્યું છે, "હે પરમદેવ!

બાળદેવના હૈયામાં ઊતરી તેમના જીવનને સાચી રીતે સમજવાની શક્તિ આપો કે જેથી અમે આપના ન્યાયની દૃષ્ટિથી એમને સમજી શકી, ચાહી શકીએ અને એમની સેવા કરી શકીએ."

બાળક જન્મે ત્યારથી એ માતાપિતાને, એમની ઇચ્છાઓને અધીન હોય છે... સ્વાધીન નથી હોતું! માતાપિતાની એષણાઓ અને આકાંક્ષાઓ બાળક પર સવાર થઇ જાય છે. બાળકને બંધનયુક્ત સ્વાતંત્ર્ય અને સ્વાતંત્ર્યયુક્ત સ્નેહબંધનની આવશ્યકતા હોય છે. જેમ પતંગ માટે દોરીનું બંધન એની આકાશી ગતિ માટે ઇષ્ટ અને અનિવાર્ય છે, તેમ બાળક પરનાં કેટલાંક સ્નેહબંધનો પણ અનિવાર્ય છે. પરંતુ આ બંધનો 'શિસ્ત' ના નામે જડતા પેદા ન કરે અને બાળકને વિકસવાની સ્વતંત્રતા આપે એ બાબતનું ધ્યાન રાખવું જોઇએ. આ ગૂઢ વાક્યને સમજવા માટે જશોદા અને કાનુડાનું ઉદાહરણ પણ અત્યંત ઉપયુક્ત છે. ગુજરાતના બાળશિક્ષણ - ચિંતક ગિજુભાઇ બધેકાએ કહ્યું છે, "જેણે બાળકને સ્વતંત્ર સ્વાધીનતા થવા માટેની અનુકૂળતા કરી આપી છે, તેણ માનવજીવનની સર્વતોમુખી ક્રાંતિ અને આત્યંતિક શાંતિના માર્ગે મનુષ્યજાતને મુકેલી ગણાશે."

અત્યારના સમયમાં આપણા પરિવારો દ્વારા બાળઉછેરની પ્રક્રિયામાં એક મોટો વ્યાધિ વ્યાપ્યો છે... એ વ્યાધિ છે બાળકને ડરપોક બનાવવાનો. બાળકોને વાતે વાતે ડર દેખાડવામાં માતાપિતા શી બહાદુરી માનતા હશે? બાળક રડતું હોય તો છાનો રાખવા માટે ડર દેખાડવો, એની કોઇ માગણી માબાપે સંતોષવી ન હોય તો પણ ડર દેખાડવો, પરિવારજનોની અપેક્ષાઓ બાળક સંતોષે એ માટે પણ 'ડર' નામના શસ્ત્રનો વારંવાર ઉપયોગ કરવો... જાણે કે બાળકને ડરાવ્યા જ કરવાનો ભેખ ધારણ ન કર્યો હોય! બાળકને ડરપોક કે માયકાંગણું બનાવી દેવું એ કેટલું ભયાનક કૃત્ય છે એ માતાપિતાએ સમજવું રહ્યું. સાહસ, નિર્ભયતા કે તિતિક્ષા જેવા ગુણો જો બાળકના જીવનમાં નહી વિકસે તો એના જીવનનો કંટકછાયો અને સંઘર્ષમય માર્ગ એ શી રીતે કાપશે? બાળકને પંપાળ્યા કરવું એ જ કંઇ પ્રેમની પારાશીશી ન હોઇ શકે... બાળકને કર્મઠતાના, કર્મકઠોરતાના સંસ્કાર નાનપણથી આપવામાં જ એનું શ્રેય છે. ગિજુભાઇની એક ઉક્તિનું સ્મરણ કરીએ, 'બાળકના, માબાપો પ્રત્યેના પ્રેમનું માપયંત્ર બાળકોની નિખાલસતા અને નિર્ભયતા છે.'

પણ, દુઃખની વાત એ છે કે બાળકને સતત ભયના ઓથાર નીચે જીવવું પડે છે. સવારથી સાંજ સુધી વડીલોની ઠપકાયુક્ત સૂચનાઓ મને-કમને સાંભળવી પડે છે અને તેથી નિખાલસતા અને નિર્ભયતા ખતમ થઇ જાય છે. બાળક ભયને કારણે જૂઠનો આશરો લે છે. સત્ય છુપાવતો થઇ જાય છે... અને આમ બાળક અને માબાપ વચ્ચે એક વણકલ્પ્યું અંતર ઊભું થઇ જાય છે એ દૂરી પછી જલદી દૂર થતી નથી.

વાસ્તવમાં માબાપે બાળક પાસેથી કેટલીક અણમોલ બાબતો શીખવાની જરૂર છે... નિર્દોષતા, સાચું બોલવું, વિશુદ્ધ સ્નેહ કરવો, હસતાં રહેવું, ક્રિયાશીલ રહેવું વગેરે.... તેથી એક ચિંતકે કહેલું વાક્ય સાચું લાગે છે કે બાળક એ માણસનો પિતા છે!

આ સંદર્ભે એડોલ્ફ જુસ્ટ નામના ચિંતકનું કથન સમજવા જેવું છે, "બાળક એ કુદરતે માણસને બક્ષેલું અણમોલ રતન છે. માણસની કેટલીયે ભાવનાઓ બાળક દ્વારા પૂર્ણતાએ પહોંચે છે. માનવીય ગુણોના વિકાસનું સૌથી પ્રથમ સાધન બાળક જ છે."

મોટે ભાગે એવું જોવામાં આવે છે કે નાના બાળકને જોતા જ માણસ કપટ ભૂલી જાય છે, દુઃખ ભૂલી જાય છે અને સાંસારિક અનેક કષ્ટો ભૂલી જાય છે. બાળકને રમાડતાં રમાડતાં એનો થાક ઊતરી જાય છે અને એ હળવો ફૂલ થઇ જાય છે. બાળક સાથેની ગોષ્ઠિમાં જો આપણે બેન્જામીન બ્લૂમે કહેલી વાત યાદ રાખીએ તો બેડો પાર થઇ જાય. બ્લૂમ કહે છે, "પ્રત્યેક બાળકમાં કાંઇક તેજસ્વિતા રહેલી હોય છે. માતાપિતા તેના સંવર્ધક બની શકે તો જિંદગી વધુ સુંદર રીતે જીવી શકે."

એવું જ કંઇક જર્મન કવિ ગેટેએ કહ્યું છે, "બધાં બાળકોનો જો એમનામાં રહેલી શક્યતાઓ પ્રમાણે વિકાસ થાય, તો આ જગત વિભૂતિઓથી ઊભરાઇ જાય. બીજમાં જેમ વૃક્ષ છુપાયેલું છે, તેમ દરેક બાળકમાં તેના ભાવિની મહાન શક્યતાઓ છુપાયેલી જ હોય છે."

ટૂંકમાં આપણે હવે પુસ્તકની જેમ બાળકને વાંચવાનું અને સમજવાનું શરૂ કરવું પડશે. ગુજરાતી ચિંતક અનિલ જોશી કહે છે, "બાળકનું દફતર વાંચવા ટેવાયેલી આપણી આંખને બાળકનો ચહેરો વાંચતા શીખવું પડશે."

હવે આપણે બે વાત ઊંડાણપૂર્વક સમજવાની જરૂર છે... એક, પરિવારની અંદર બાળકનો આદર્શ ઉછેર અને બીજું, વિદ્યાલયોમાં બાળકનું આદર્શ શિક્ષણ. તેથી ઉપેક્ષિત એ છે કે પરિવાર બાળકની સંસ્કાર-શાળા બની રહે અને શાળા એ ઘર જેવું મંગળ-મંદિર બની રહે. ઉમાશંકર જોશી કહે છે, "બાળશિક્ષણ એ તો છે માણસના હૃદયમાંથી ફૂટી નીકળતો શુચિ - વાત્સલ્યનો ફુવારો."

આપણને કવેળાએ બાળકના બુદ્ધિવિકાસની ખૂબ ઉતાવળ છે. નાનપણમાં એનો ચિત્તવિકાસ, ભાવનાત્મક વિકાસ કે ચારિત્રિક વિકાસ કરવાને બદલે આપણે બુદ્ધિવિકાસને અગ્રતાક્રમ આપી દઇએ છીએ. આ બાબતમાં જૈન મુનિ ઉદયવલ્લભવિજયજી મહારાજ કહે છે -

"Heart of the education is the education of heart.

બાળકની બુદ્ધિના વિકાસ કરતાં તેના મનની માવજત વધુ અગત્યની બાબત છે એવી સાદી સમજણ પણ ન આપી શકે તે શિક્ષણ પદ્ધતિનું પડીકું વાળી દેવું જોઇએ."

આટલા બધા શ્રેષ્ઠ મહાનુભાવોની વાતોને જો વ્યવહારમાં મુકીએ તો બાળકને એનું બાળપણ મળશે, માનવને એનું માનવત્વ મળશે,શિક્ષકને એનું શિક્ષકત્વ મળશે... બસ, જેને જે મળવું જોઇએ તે બધું જ મળશે.

મને વિશ્વાસ છે, આપણે હવે આવું કંઇક જરૂર કરીશું...